
# ઈસુ અને તેના શિષ્યો આપણને એકબીજા પર પ્રેમ કેવી રીતે કરવો તે શીખવે છે.

બાળકોને શીખવનારે સ્ટડી C5b વાંચવો

**૧. માંડિલક શરીરરૂપી જીવનના અવયવો બનવામાં વિશ્વાસીઓ સહભાગી બને અને તે જીવન માણે માટે તેમને મદદરૂપ થવા તમારા મનોને તૈયાર કરો.**




**તમારી મંડળીઆ રીતે ખ્રિસ્તનું શરીર કહેવાય છે :**
**પ્રભુ ઈસુ શરીરનું શિર છે. એફેસી ૫ :૨૩**
**કેટલાંક વિશ્વાસીઓને આત્માઓને પારખવાનું**
**દાન હોય છે. તેઓ આંખો છે. ૧ કોરીંથ ૧૨ :૧૦**
**કેટલાંક વિશ્વાસીઓને શિક્ષણનું દાન હોય છે**
**તેઓ શરીરનું મોં છે. એફેસી. ૪ :૧૧-૧૨**
**પવિત્ર આત્મા દરેક વિશ્વાસીઓને**
**ખ્રિસ્તના વિશ્વવ્યાપી શરીરમાં સ્થાન આપે છે. ૧ કોરીંથ ૧૨ :૧૩,૨૭**
**જેઓને બીજાની સેવા કરવાનું આત્મિક**
**દાન છે તે હાથ રૂપે છે. ૧ કો. ૧૨ :૫**
**જેઓ સુવાર્તિક અને પ્રેરિત તરીકે સેવા કરે છે**
**તેઓ આપણા પગ છે. તેઓ નકારાયેલા વિસ્તારોમાં**
**સુવાર્તા લઈ જાય છે. રૂમી ૧૦ :૧૫, એફેસી ૬ :૧૫**

એફેસી ૪ :૧૧-૧૬ વાંચો અને આપણા આત્મિક દાનોથી જ પરિણામોની દેવ આશા રાખે છે તે સમજો

- જો કોઈ શિક્ષક તરીકે નું દાન વ્યાજબી રીતે વાપરે છે તો તેનુંપરિણામ શું આવશે ? (ક ૧૧,૧૨)
- જો શિક્ષક કેવળ જ્ઞાનનું શિક્ષણ આપે (નમૂનો ન આપે) તો તે દેવ જે માંડલિક દેહની વૃદ્ધિ કરવા માંગે છે તે હેતુમાં તે નિષ્ફળ જાય છે. દરેક સેવા પાછળ દેવનો હેતુ શો છે ? (ક ૧૩)
- સેવા માટેનો દેવનો જે હતુ છે તેમાં વૃદ્ધિ પામવામાં જો કોઈ વિશ્વાસી નિષ્ફળ જાય ખ્રિસ્તની પ્રતિમા ન ઉપજાવે, તો માંડલિક શરીરની સ્થિતિ થાય ? (૧૪)
- નવી વિચારસરણીઓ પાછળ ભટકીને બાળ વિશ્વાસી રહેવા કરતાં વિશ્વાસીઓએ જેમ શરીરના અંગો એકમેક સાથે સુમેળમાં રહે છે તેમ એકબીજા સાથે મળીને કામ કરવું જોઈએ ખ્રિસ્તના દેહમાં આ રીતનું આંતરિક સંકલન કોણ કરે છે ? (૧૫, ૧૬)

ખ્રિસ્તના સંકલન નીચે **વિશ્વાસીઓએ એકબીજાની સેવા કરવા માટે પોતાને તૈયાર કરવા જોઈએ** નવા કરારની જરૂરિયાત મુજબ વિશ્વાસીઓ આ રીતની સેવા કરવા માટે કેવી રીતે તૈયાર થઈ શકે તે રૂમી ૧૨માં અધ્યાયમાંથી તમે પ્રાપ્ત કરી શકો છો.



- સાચા આત્મામાં પોતાનું દાન વાપરવા માટે એવી કઈ બાબત છે જેને તેમણે દેવને બદલવા દેવી જોઈએ ? (ક. ૨)
- 'એકબીજા' અંગેની આજ્ઞાનો મહાવરો કરો. એકબીજાની સેવા કરો.

- લગભગ ૫૦ જુદી જુદી રીતે નવા કરારમાં દેવ વિશ્વાસીઓને એકબીજા અંગેની **આજ્ઞાઓ આપે છે**. જેમાં શિક્ષણ આપવું, એકબીજાને દઢ કરવા અને દિલાસો આપવો, એકબીજા ની ભુલ સુધારવી અને ક્ષમા આપવી, આપણા પાપ કબૂલ કરવા અને એમ અન્ય.
- જોડકાં જોડો

| | |
|---|---|
| **અ) ઉત્પતિ ૩૩ :૧-૧૦ ઘણા વર્ષો પછી એસાવે યાકૂબને જેણે તેના બાપનો આશીર્વાદ ચોરી લીધો હતો તેને મારી નાખવા શોધ્યો ઉ. ૨૭** | **....એકબીજા વિશે શીખવો રૂમી ૧૪ :૧૪ કલોસી ૩ :૧૬** |
| **બ) નહે. ૪ :૧૬-૨૧ બાબેલથી યરુશાલેમ પાછા ફરેલા યહુદીઓ શહેરનો કોટ બાંધતા હતા.** | **..... એકબીજા સાથે કામ કરવું ૧ કો. ૩ :૯, ૨ કોરીંથ ૬ :૧** |
| **ક) પ્રેકૃ. ૧૮ :૨૪-૨૮** | **.....એકબીજા માટે પ્રાર્થના કરવી.યોહાન ૫ :૧૬** |
| **ડ) કલોસી ૧ :૧-૪ અને ૪ :૨-૪** | **.....એકબીજાને ક્ષમા આપવી એફેસી ૩ :૧૩, ૪ :૩૨; કોલોસી ૩ :૧૩** |

*(જવાબ અ) માફ કરવું બ) સાથે કામ કરવું ક) શીખવવું ડ) પ્રાર્થના)*

- ૫૦ કરતા વધારે એકબીજા અંગેની આજ્ઞાઓ માટે PTLT ડોક્યુમેન્ટ C4e દેવના કુટુંબમાં એકબીજાની સેવા કરવી એ શીર્ષક નીચે.

**૨. વિશ્વાસીઓ અઠવાડીયા દરમ્યાન એકબીજાની સેવા કઈ રીતે કરશે તેનું આયોજન કરો.**

જરૂરિયાતો અને સ્થાનિક રસમો મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.જેમ કે,

- એકબીજાના ઘરે પ્રાર્થના, સલાહ શિક્ષણ અને સેવા કરવા માટે મુલાકાત લેવી.
- બીજાઓ તમારા ઘેર આવે તો પ્રેમભરી આગતાસ્વાગતા કરવી. કેટલાકે અજાણતા દૂતોને પરોણા રાખ્યા છે. (હેબ્રી. ૧૩ :૨)
- બધાને લાભદાયી પ્રોજેક્ટમાં એકબીજા સાથે મળીને કામ કરો.
- ભજનસેવા પછી જુવાનોને સમય આપો કે ગીતો ગાય અને વચનની ચર્ચા કરે.
- માંદા અને દુ:ખીઓની મુલાકાત લઈને પ્રાર્થના કરવી.
- લોકો એકબીજા સાથે ઘનિષ્ટ સુમેળમાં આવે માટે પ્રાસંગિક જમણ અને પાર્ટીઓનું આયોજન કરો.
- લોકોને પિકીનીક પર લઈ જાવ.
- રમતો, ઈન્ડોર ગેમ્સ, ખાસ કરીને જુવાનો માટે પૂરી તેઓ પાડો.
- લોકો પોતાના ઘર વ્યવસ્થિત કરે અને બીજાની સહાય કરે તેમાં મદદરૂપ બનો.

**૩. ભજનસેવા દરમ્યાન વિશ્વાસીઓ એકબીજાની સેવા કરે તેમાં મદદરૂપ થાઓ.**

આ બાબત આપણે શી રીતે કરી શકીએ. તમારા જૂથ સાથે સુસંગત અને લોકોના પાછળના બનાવો અનુસારના માર્ગોના ઉપયોગ કરો. આ ઉદાહરણો ધ્યાનમાં રાખો.

- બે કે ત્રણ ના જૂથો બનાવો તેઓ એકબીજા માટે પ્રાર્થના કરે. એકબીજાને સલાહ આપવી, તેઓની યોજના સાથે મળીને બનાવવી અને ખ્રિસ્તની સેવા કરવા માટે એકબીજાની સહાય કરવી.

- કેટલીક મંડળીઓના નાના જૂથો અઠવાડીયામાં જુદે જુદે સમયે મળે છે જેથી બધાને ભાગ લેવાનીતક મળે બીજાઓ અઠવાડીયામાં એકવાર મોટી મીટીંગ કરે છે. આવા કિસ્સાઓમાં તેમણે નાના જૂથોને મળવા માટેનો સમયતેમાં સામેલ કરવો જોઈએ. ભજનસેવા વખતે વિશ્વાસીઓએ તેઓ ખ્રિસ્તમાં કેવી રીતે આવ્યા તેની સાક્ષીઓ આપવી જોઈએ. સાજાપણાનો અહેવાલ આપો અને મંડળીની ઉન્નતિની બીજી બાબતો જણાવો.

૪. **સાથીદારો સાથે આવનાર ભજનસેવાનું આયોજન કરો.**

દેવ દરેક સેવાઓ દ્વારા શું ફળ મેળવવા ધારે છે તે એફેસી ૪ :૧૧-૧૬માં જણાવેલું છે.

- દેવ દ્વારા આપણા મનો નવીનીકરણ પામીને પ્રેમભરી સેવા માટે તૈયાર થાય તેની જરૂર (રૂમી ૧૨ :૧-૨)
- આપણે એકબીજાની સેવા કરતી વખતે દેવ આપણા માટે શું ચાહે છે તે ધ્યાનમાં રાખવું.
- બાળકોએ તૈયાર કરેલું નાટક તેમને રજૂ કરવા દો અને ત્યારપછી સભાજનોને પ્રશ્નો પૂછવા દો.

યોહાન ૧૩ :૩૪ **મુખપાઠ કરો.**

અઠવાડિયા દરમ્યાનની પ્રવૃત્તિઓની જાહેરાત કરો.

**પ્રભુની મેજ**ની સેવા માટે આ પ્રમાણે સમજાવો - પ્રભુના મૃત્યુ પહેલાંની રાતે પ્રભુની તેના શિષ્યો સાથેની સૌથી નિક્ટતમ સંગત થઈ હતી. તેઓ જૂના કરારનું સૌથી પવિત્ર પર્વ યહુદી પાસ્ખા ખાઈ રહ્યા હતા. હવે આપણે તે પર્વ પ્રભુની મેજ તરીકે પાળી રહ્યા છીએ.

બધા બે કે ત્રણના જૂથમાં ગોઠવાઈ જાય, પ્રાર્થના કરે આયોજન કરે અને એકબીજાને ઉત્તેજન આપે.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.